# Evacuation of Indians and Afghans under 'Operation Devi Shakti' and shipment of humanitarian assistance for the people of Afghanistan

December 11, 2021

## 'ઓપરેશન દેવી શક્તિ' હેઠળ ભારતીયો અને અફઘાનોનું સ્થળાંતર અને અફઘાનિસ્તાનના લોકો માટે માનવતાવાદી સહાય પહોંચાડવી

ડિસેમ્બર 11, 2021

ભારત સરકાર દ્વારા ચાર્ટર કરવામાં આવેલી કાબુલથી નવી દિલ્હીની એક વિશેષ ફ્લાઇટ 10 ડિસેમ્બરના રોજ નવી દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પર આવી હતી. આ ફ્લાઇટમાં અફઘાન લઘુમતી સમુદાયના સભ્યો સહિત 10 ભારતીયો અને 94 અફઘાનોને લાવવામાં આવ્યા હતા. લઘુમતી સમુદાયના સભ્યો તેમની સાથે ગુરુ ગ્રંથ સાહિબના 2 સ્વરૂપો અને કેટલીક પ્રાચીન હિંદુ હસ્તપ્રતો લઈને આવ્યા હતા.

2. "ઓપરેશન દેવી શક્તિ" હેઠળ અત્યાર સુધીમાં કુલ 669 લોકોને અફઘાનિસ્તાનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તેમાં 448 ભારતીયો અને 206 અફઘાનોનો સમાવેશ થાય છે, જેમાં અફઘાન હિંદુ/શીખ લઘુમતી સમુદાયના સભ્યો સામેલ છે. અગાઉ ઓગસ્ટ 2021ના મહિનામાં અફઘાનિસ્તાનમાંથી 438 ભારતીયો સહિત 565 લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

3. અફઘાનિસ્તાનમાં મુશ્કેલ માનવતાવાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે આજે વળતી ફ્લાઇટમાં તબીબી પુરવઠા સાથે માનવતાવાદી સહાય મોકલી છે. આ દવાઓ કાબુલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના પ્રતિનિધિઓને સોંપવામાં આવશે અને કાબુલની ઈન્દિરા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે સંચાલિત કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.